ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

જી-૨૦ના મહાનુભાવોને આવકારવા શહેરમાં રંગબેરંગી રોશનીનો ઝગમગાટ

વાઇબ્રન્ટ સમિટ બાદ લાંબા સમયના અંતે શહેરના સ્વર્ણિમ પાર્ક તેમજ મહાત્મા મંદિર વિસ્તારમાં રોશનીથી રોનક : વર્લ્ડ બેંકના પ્રમુખ અને યુ એસ એ ના નાણાંમંત્રીએ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી

ગાંધીનગર તા ૧૬

વૈશ્વિક મંચ જી -૨૦ અંતર્ગત આર્થિક બાબતો સહીતના વિવિધ મુદ્દાઓને અનુલક્ષી વિવિધ વિકાસશીલ દેશના ડેલીગેશન ગુજરાતમાં આવ્યા છે. ગાંધીનગરમાં વી વી આઇ પી મહાનુભાવાનો આગમનને અનુલક્ષી કેટલાક વિસ્તારમાં રંગબેરંગી રોશનીનો શણગાર કરવામાં આવ્યો છે. જેના લીધે હાલ શહેરના હાર્ટ સમા સ્વર્ણિમ પાર્ક , મહાત્મા મંદિર તેમજ રક્ષાશકિત સર્કલ વિસ્તારમાં રંગબેરંગી રોશનની જગામગા જોવા મળે છે જેના લીધે સ્થાનિકો અને મુલાકાતીઓમાં આકર્ષણ છવાયુ છે. આજે વિદેશી ડેલીગેશન દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત પણ લેવામાં આવી હતી.

જી -૨૦ અન્વયે હાલ દેશ વિદેશના પ્રતિનિધિઓ ગાંધીનગરના મહેમાન બન્યા છે. જી -૨૦ અંતર્ગત આર્થિક પરિબળોને અનુલક્ષી વિવિધ મુદ્દાઓ સહીત વિવિધ નિતીઓને અનુલક્ષી વૈશ્વિક મંચ જી ૨૦ દેશના પ્રતિનિધીઓ ગુજરાતમાં આવ્યા છે. વિકાસશીલ દેશોના પ્રતિનિધિઓ અનેકવિધ મુદ્દે ચર્ચા વિચારણા અને વિવિધ નીતિઓનુ આદાન પ્રદાન કરવા માટે ગાંધીનગરના આંગણે મહેમાન બન્યા છે. જયારે આજે ગુજરાતમાં આવેલા વિદેશી ડેલીગેશને શિક્ષણ વિભાગ દ્વારા ટેકનોલોજી આધારિત શિક્ષણ આપવાના હેતુથી તૈયાર

● અનુસંધાન પાન-૭ પર

નવા સેક્ટરો અને નવા ભળેલા વિસ્તારોમાં વાહકજન્ય રોગચાળાના કેસો વધ્યા

તંત્રએ સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે એન્ટી લાર્વેલ સોર્સ રિડક્શન જન જાગૃત્તિ સાથે સાથે સઘન સર્વેલન્સ હાથ ધર્યુ, તંત્રએ ૫૦ એકમોને નોટીસ થમાવ્યા પછી હવે દંડનીય કાર્યવાહી માટે મન બનાવ્યુ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના નવા સેક્ટરો તેમજ નવા ભેળવવામાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં વાહકજન્ય રોગચાળાના કેસો વધતાં આરોગ્યતંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

નવા સેક્ટરો ખાસ કરીને સે. ૧, ૮, ૧૨, ૧૩, ૭, ૬ માં મેલેરિયા, ડેન્ગ્યુના કેસો વધ્યા છે તો ગ્રામ્ય વિસ્તારમાં મેલેરિયા-ડેન્ગ્યુના કેસો વધવા પામ્યા છે. તંત્રએ વધી રહેલા કેસોને પગલે આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ તેમજ સોર્સ રિડકશન અને એન્ટી લાર્વેલની કામગીરી સઘન બનાવી છે. ફોગીંગની કામગીરી પણ આ વિસ્તારમાં હાથ ધરવામાં આવી છે.

વરસાદી પાણી ભરાઈ રહેતાં આ વિસ્તારોમાં મચ્છરોની ઉત્પત્તિ વધી છે. તંત્રએ આ વખતે વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે પહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો રાઉન્ડ પૂર્ણ કર્યો હતો. આ ઉપરાંત વરસાદી પાણી ભરાઈ રહેતા વિસ્તારોને અલગ તારવી ત્યાંથી પાણીનો ઝડપી નિકાલ થાય તે માટે જરૂરી સૂચનાઓ સંબંધિત તંત્રને પણ કાર્યવાહી માટે સૂચવી મોકલી આપી હતી.

નવા ગાંધીનગરમાં જે વિકાસ થઈ રહ્યો છે અને જે કન્સ્ટ્રકશન સાઈટોના સંચાલકો છે તેમને પણ મચ્છરોની ઉત્પત્તિ ના થાય તે જોવા પગલાં સૂચવતો પત્ર પાઠવ્યો છે. આ પછી તંત્રની ટીમોએ ત્યાં સઘન તપાસ હાથ ધરી હતી. તંત્રની ટીમોએ ૫૦ થી વધુ એકમોને નોટીસો પણ થમાવી છે.

જો કે કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેની સામે તંત્રએ હવે પબ્લીક બાયલોઝ અંતર્ગત મચ્છરોના બ્રિડીંગ મળે ત્યાં દંડનીય કાર્યવાહી કરવા માટેનું મન પણ બનાવી લીધુ છે.

મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે આ વિસ્તારોમાં ૨૦થી વધુ મેલેરિયાના અને ૨૦ જેટલા ડેન્ગ્યુના કેસો મળ્યા છે. તંત્રએ આ બાબતને અતિ ગંભીરતાથી લઈ કડક કાર્યવાહી માટેના સંકેતો પણ આપી દીધા છે.

સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ છે તેમજ મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે જન જાગૃત્તિ અભિયાન પણ છેડ્યુ છે.

મહેસુલી વર્ષ પૂર્ણ થવાને આરે છે ત્યારે વેરા વસુલી માટે સઘન અભિયાન

સઘન અભિયાન હાથ ધરવા માટે તાલુકા કક્ષાએ અને ગ્રામીણ ક્ષેત્રે કડક સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં મહેસુલી વેરાની વસુલાત માટે તંત્ર દ્વારા સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે.

૩૧મી જુલાઈએ પુરા થતા મહેસુલી વર્ષમાં ૧૦૦ ટકા વેરા વસુલી માટેની સરકારની કડક તાકીદને પગલે તંત્ર હરકતમાં આવ્યુ છે અને હવે આ અંગે સઘન અભિયાન હાથ ધરવા માટે તાલુકા કક્ષાએ અને ગ્રામીણ ક્ષેત્રે કડક સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લામાં વેરા વસુલાત નબળી રહેવા પામે છે અને દરેક વખતે સૂચનાઓ આપ્યા પછી પણ તેની અમલવારી અને મોનીટરીંગમાં ઉદાસીનતાને કારણે નબળી વસુલાત રહે છે.

જિલ્લામાં કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીઓને કડક મોનીટરીંગ સાથે વસુલાત વધે તે માટે સૂચનાઓ જારી કરવામાં આવી છે. જિલ્લામાં મહેસુલી વેરાની વસુલાત મોટી બાકી છે.

ગામડાઓમાંથી શહેર ભણી વસવાટ કરનારા પરિવારો વધી રહ્યા છે તેને કારણે ગ્રામીણ વિસ્તારમાં આ વેરા વસુલીની કામગીરી પણ ધીમી ગતિએ ચાલે છે. સામાન્યતઃ ગ્રામીણ વિસ્તારમાં મહેસુલી વેરાની વસુલાત સાગમટી થતી હોય છે.

જિલ્લામાં વેરા વસુલાત માટે નિયમિત રીતે મોનીટરીંગ કરવામાં તંત્ર ઉણુ ઉતરતું રહ્યુ છે. હવે મહેસુલી વર્ષ પૂર્ણ થવાની આડે હવે પખવાડિયાથી પણ ઓછો સમય રહ્યો છે ત્યારે વસુલાતનું સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. ખેડૂતો હાલ વાવણીના કામ તેમજ અન્ય પરિવારો બીજા કામોમાં વ્યસ્ત બન્યા છે. આ વખતે મહેસુલી વેરાને બદલે ફરતી રકમ વધુ જમા કરાવવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં ૬૫ હજાર હેક્ટરમાં ખરીફ વાવેતર સંપન્ન

નાના ખેડૂતોના શાકભાજીના પાકમાં નુકશાન : ભારે વરસાદ અને પાણી ભરાઈ રહેતા પાક કહોવાઈ જવા પામ્યો : કપાસનું વિક્રમી વાવેતર : ખરીફ વાવેતરને લઈ ખેડૂતોમાં સારો ઉત્સાહ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનુ વાવેતર ૫૧ ટકાને પણ પાર કરી ગયુ છે. સમયસર ચોમાસાના આગમન અને સારા વરસાદને પગલે બાગાયતી પાક ગણાતા વેલાવાળા શાકભાજીના પાકોને નુકશાન થયાના અહેવાલો વચ્ચે જિલ્લામાં ખરીફ વાવેતરને લઈ ખેડૂતોમાં સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં ખરીફ ઋતુમાં અત્યાર સુધીમાં ૬૪,૮૨૪ હેક્ટર વિસ્તારમાં વાવણીની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હવે ૧૫ ઓગષ્ટ પછી દિવેલા અને અન્ય પાકોની વાવણી માટેની તૈયારીઓમાં ખેડૂતો વ્યસ્ત બન્યા છે.

જિલ્લામાં નાના અને સીમાંત ખેડૂતો મોટી સંખ્યામાં નોંધાયેલા છે. ગ્રામીણ વિસ્તારમાં વેલાવાળા શાકભાજીની વાવણીમાં આ ખેડૂતોને મંડપ કરી વાવણી કરવી પોસાતી ન હોવાથી ખેતરોમાં જ વેલા પાથરતા હોય છે. તાજેતરમાં થયેલ ભારે વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઈ રહેતાં આ પાકને સારૂ એવુ નુકશાન થયુ છે. જો કે તંત્ર પાકની સ્થિતિ સારી હોવાનું જ બ્યુગલ વગાડી રહેલ છે.

જિલ્લામાં ખરીફ ઋતુમાં અત્યાર સુધીમાં ડાંગરનું વાવેતર ૨૨૦૦ હેક્ટરમાં, ચોમાસુ બાજરીનું વાવેતર ૧૩૯૦ હેક્ટરમાં, તુવેરનું વાવેતર ૨૨ હેક્ટરમાં, મગનું વાવેતર ૪૪૦ હેક્ટરમાં, મઠનું વાવેતર ૮૭ હેક્ટરમાં, અડદનું વાવેતર ૧૮૭ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૧૧,૬૭૮ હેક્ટરમાં, તલનું વાવેતર ૧૯૭ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૨૧,૯૬૭ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૧૨૧૮ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૮૬૭૧ હેક્ટરમાં, ઘાસચારાનું વાવેતર ૧૬,૬૪૪ હેક્ટરમાં સંપન્ન થયુ છે.

જિલ્લામાં દિવેલાની વાવણી ધીમી ગતિએ હાથ ધરાઈ છે. મળતી વિગતો પ્રમાણે આજ સુધીમાં ૧૦૦ હેક્ટરમાં આગોતરૂ વાવેતર દિવેલાનું થયુ છે.

જિલ્લામાં આ વખતે કપાસનું વાવેતર વિક્રમી થયુ છે. ત્રણ વર્ષ પછી આ વાવેતર ૨૧ હજાર હેક્ટર કરતાં પણ વધુ થયુ છે. તેલીબીયાના પાકોના વાવેતરમાં પણ ખેડૂતોએ સારા ચોમાસાને લઈ તેમનો રસ બતાવ્યો છે. સોયાબીનનું વાવેતર

● અનુસંધાન પાન-૭ પર

બાગાયત વિભાગ અને ખેતીવાડી વિભાગ વચ્ચે સુયોગ્ય સંકલનનો અભાવ : ખેડૂતોમાં ચર્ચા

જિલ્લામાં ખેતીવાડી વિભાગની શાખા જ બાગાયત વિભાગ સાથે સુયોગ્ય સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે. પ્રાકૃતિક ખેતી કરતા નાના ખેડૂતોના ખેતરમાં વેલાવાળા શાકભાજીના પાકોમાં મંડપના અભાવે મોટુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

જિલ્લાના અંતરિયાળ ગામોમાં વરસાદી પાણીનો ભરાવો થતાં વેલાવાળા શાકભાજીના પાકોમાં તેમજ કપસના પાકમાં નુકશાનીનો ભય ઉભો થયો છે. ખેતીવાડીના આ બન્ને વિભાગો વચ્ચે સુયોગ્ય સંકલનનો અભાવ ખેડૂતોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

ગાંધીનગર ડેપોમાં ડ્રાઈવર કંડકટર સહીતના કર્મચારીઓ માટે આરોગ્ય ચકાસણી કેમ્પ

સલામત સવારીના ડ્રાઇવર કંડકટરોની દ્રષ્ટિ તપાસ કરાશે ડાયાબીટીસ અને બી પી સહીતના રોગની પણ તપાસ થશે : અંદાજિત ૫૦૦ કર્મચારીઓ લાભ લેશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામત સવારીના સંચાલન માટે અંદાજિત ૫૦૦ થી વધુનો મેન પાવર છે. ડ્રાઈવર કંડકટર સહીતના સ્ટાફની આરોગ્ય તપાસ કરવા માટે ડેપો દ્વારા સમયાંતરે આરોગ્ય નિદાન કેમ્પનુ પણ આયોજન કરવામાં આવે છે સલાતમ સવારી એસ ટી અમારીના અભિગમને અનુલક્ષીને આગામી તા ૧૮ જુલાઈના રોજ ડેપો સંકુલમાં સ્ટાફના કર્મચારીઓ માટે એક કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ડ્રાઈવર કંડકટરની દ્રષ્ટિ ચકાસણી તેમજ બી પી અને ડાયાબીટીસ સહીતના રોગની તપાસ કરવામાં આવશે.

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપો અનેક સમસ્યોથી ઘેરાયેલુ છે. એકબાજુ ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ વર્ષોના અંતે અધ્ધરતાલ છે. જયારે બીજીતરફ મુસાફરલક્ષી સુવિધાઓ અને સલામતીના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. એસ ટી ડેપોમાં રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપાય છે. જયારે બસમાં ચઢતી ઉતરતી વેળાએ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લેતા ગઠીયાઓ પણ બિન્દાસ્ત બન્યા છે. ત્યારે એસ ટી ડેપોના સલામત સવારી એસ ટી અમારીનુ સ્લોગન ડેપો સંકુલમાં તો સાર્થક થતુ નથી જયારે ટ્રેક પર દોડતી એસ ટી બસમાં મુસાફરોની સલામતી વિશેષ જળવાય તે માટે એસ ટી ડેપોના ડ્રાઈવર કંડકટર સહીતના સ્ટાફના આરોગ્ય સંદર્ભે પણ સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. એસ ટી ડેપોના સ્ટાફની આરોગ્ય તપાસ માટે આગામી તા ૧૮ જુલાઈના રોજ એસ ટી ડેપો સંકુલમાં આરોગ્ય કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. સામાન્ય રીતે દરવર્ષે એસ ટી ડેપો કક્ષાએથી આ મુજબનુ કેમ્પનુ આયોજન કરવામાં આવે છે. આગામી કેમ્પમાં પણ અંદાજિત ૫૦૦ જેટલા કર્મચારીઓની આંખની તપાસ તેમજ ડાયાબીટીસ અને બી પી સહીતના રોગ સંદર્ભે નિદાન કરવામાં આવશે એસ ટી ડેપોના ડ્રાઈવર કંડકટરમાં અગાઉ પણ ડાયાબીટીસ , બી પી અને આંખની તકલીફો વિશેષ રહેતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. આ કેમ્પમાં વિવિધ નિષ્ણાંતો સહીત ડોકટરની ટીમ સેવા આપશે જયારે કેમ્પ દરમિયાન ડેપોના કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં હાજરી આપી લાભ લેશે.

પ્રાથમિક શાળાના આચાર્યોની બદલી માટે નિયમો બનાવાશે

સરકારે સમિતિની રચના કરી, સમિતિની ૧૮મીએ પ્રથમ બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં આચાર્યો તરીકે ફરજો બજાવતા આચાર્યની બદલીના નવા નિયમો નક્કી કરવા માટે સરકારે એક સમિતિની રચના કરી છે અને તેની પહેલી બેઠક આગામી ૧૮મી જુલાઈના રોજ યોજાશે.

મળતી વિગતો મુજબ બદલીના નવા નિયમો નક્કી કરવા માટે સરકારે સંયુક્ત સચિવ (પ્રા.શિ.)ના અધ્યક્ષપદે સાત સભ્યોની સમિતિની રચના કરી છે.

આ સમિતિમાં સંયુક્ત નિયામક (પ્રા.શિ.) નાયબ નિયામક (ભરતી) ૨ થી ૩ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ૨ થી ૩ તાલુકા પ્રા.શિ. અધિકારી ત્રણેય માન્ય સંઘના ૨ પ્રતિનિધિ તેમજ ઉપસચિવ પ્રાથમિક શિક્ષણને સમિતિના સભ્ય સચિવ તરીકે નિમવામાં આવ્યા છે.

સે. ૧૨ સ્થિત જીસીઈઆરટી ખાતે આ સમિતિની પ્રથમ બેઠક મળશે. સમિતિમાં બદલીના નિયમો તૈયાર કરવામાં આવશે. આ સમિતિ ત્રણ થી છ માસમાં જરૂરી લાગે તે વિવિધસ્તરે બેઠકો કરી અને પોતાનો અહેવાલ તૈયાર કરી વિભાગને આપશે અને આ પછી વિભાગની મંજૂરી બાદ સરકારમાં તેને બહાલી માટે રજુ કરવામાં આવશે.

રાજ્યની ઘણી બધી પ્રાથમિક શાળાઓમાં આચાર્ય તરીકે ફરજો બજાવતા કર્મચારીઓની બદલી થઈ જ નથી અને હવે તે જરૂરી લાગતાં સરકારે આ અંગેના નિયમો નક્કી કરવાનો નિર્ણય કરી સમિતિની રચના કરી છે.

વરસાદી દિવસોમાં મશીનરીના અભાવે ટ્રીમીંગની કામગીરી મંદ

વનતંત્રએ ૨૦ મજુરો કામે લગાડયા : કોર્પોરેશનને ટ્રીમીંગ માટે બે મશીન ફાળવવા પણ રજુઆત કરી : સેકટરોમાં ટ્રીમીંગના અભાવે સ્થાનિકોને હાલાકી : મેન પાવર અને મશીનરીના અભાવે સમયસર ટ્રીમીંગ થતુ નથી

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં દરવર્ષે વરસાદી દિવસોમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે સેકટરવાસીઓ દ્વારા પ્રબળ રજુઆત કરવામાં આવે છે. ત્યારે વનતંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર અને મશીનરી ન હોવાના લીધે સેકટરોમાં નમી પડેલા વૃક્ષોની ડાળીઓનુ સમયસર ટ્રીમીંગ થઈ શકતુ નથી આ સ્થિતિ વચ્ચે હાલ પણ સેકટરોના મુખ્યમાર્ગો તેમજ આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાને આડશ બનતી ડાળીઓને દુર કરવા માટે પણ સ્થાનિકો દ્વારા રજુઆત કરવામાં આવે છે શહેરમાં ટ્રીમીંગનુ કામ ઝડપથી હાથ ધરવા માટે વનતંત્રએ કોર્પોરેશને બે મશીન ફાળવવા પણ જણાંવ્યુ છે. જયારે હાલ ૨૦ જેટલા મજુરોની ટીમ પણ કામે લગાડવામાં આવી છે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી વનતંત્રની કામગીરીમાં નિરસતા જોવા મળી રહી છે. એકબાજુ વન આરક્ષિત વિસ્તાર પણ કંગાળ હાલતમાં છે જયારે બીજીતરફ વન વિસ્તારમાં દબાણોનો અડ્ડા વચ્ચે સફાઈના અભાવે ગંદકીના થર જામ્યા છે આ સ્થિતિ વચ્ચે વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા સેકટરોમાં વૃક્ષોની ડાળીઓનુ પણ સમયસર ટ્રીમીંગ થતુ નથી ગત ચોમાસા દરમિયાન પણ ટ્રીમીંગના અભાવે સ્થાનિકોએ પારાવાર હાલાકી વેઠવી પડી હતી સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્યમાર્ગો આસપાસ પણ આવી જ સ્થિતિ છે. જેના લીધે નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓ રાહદારીઓ માટે આડશ બની રહી છે જયારે સેકટરોના આંતરિક માર્ગો તેમજ વોક વે પર વોકીંગ કરવા નિકળતા નાગરિકો માટે પણ વૃક્ષોની ડાળીઓ અવરોધરૂપ બનતા અનેકવાર ટ્રીમીંગની કામગીરી કરવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. આમછતા દરવર્ષે ટ્રીમીંગ ની કામગીરી મામલે વનતંત્ર ઉદાસીનતા દાખવતુ હોવાનો રોષ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે વનતંત્ર પાસે પુરતો મેન પાવર ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં મશીનરીના અભાવ વચ્ચે ટ્રીંમીંગ

● અનુસંધાન પાન-૭ પર

મનપા શહેરના ચાર મહત્ત્વના સ્થળોએ યોગ સ્ટુડિયો (યોગ નિલયમ)નું નિર્માણ કરશે

સેક્ટર-૧ના ગાર્ડન પાસે, સેક્ટર-૫, કુડાસણ લાઇબ્રેરી પાસે, તેમજ પેથાપુર વિસ્તારમાં યોગ સ્ટુડિયો વિકસાવવામાં આવશે : ફુલ્લી એરકંડિશન્ડ યોગ સ્ટુડિયો ૪૦૦૦ ચોરસ ફીટ કાર્પેટ એરિયામાં બનાવાશે

ગાંધીનગર, તા. ૧૫

જીવન જીવવાની કળા અને વિજ્ઞાનના સંગમનું ઉત્તમ ઉદાહરણ એટલે યોગ જે ભારતે વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ પૈકી એક છે.તે અત્યંત સૂક્ષ્મ વિજ્ઞાન પર આધારિત આધ્યાત્મિક શિસ્ત છે, જે મન અને શરીર વચ્ચે સુમેળ લાવવાનું કાર્ય કરે છે. યોગનો સર્વગ્રાહી અભિગમ જીવનના તમામ ક્ષેત્રોમાં સુમેળ લાવે છે. યોગ રોગ નિવારણ, આરોગ્યને પ્રોત્સાહન આપવા અને જીવનશૈલી સંબંધિત અનેક વિકૃતિઓનો નાશ કરે છે. માનવજાતની ઉદ્ધારક સમાન યોગ વિદ્યાનો પ્રચાર, પ્રસાર કરી દૈનિક જીવન સાથે જોડવા માટે સમગ્ર ગુજરાત રાજ્યમાં ૫૧ જગ્યાઓ પર યોગ સ્ટુડિયો શરૂ કરવા માટે સરકારશ્રી દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે.

"યોગા વે ઓફ લાઈફ"ના મંત્ર સાથે ગાંધીનગર મહાનગર પાલિકાના ૪ મહત્ત્વના વિસ્તારોમાં આ યોગ સ્ટુડિયો ડેવલપ કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત સેક્ટર-૧ના ગાર્ડન પાસે, સેક્ટર-૫, કુડાસણ ખાતે લાઈબ્રેરી પાસે, તેમજ પેથાપુર વિસ્તારમાં યોગ સ્ટુડિયો વિકસાવવામાં આવશે. જેના માટે રાજ્યસરકારશ્રી દ્વારા પ્રત્યેક યોગ સ્ટુડિયો દીઠ ૩૮ લાખ રૂપિયાની ગ્રાંટ ફાળવવામાં આવશે તથા ગાંધીનગર મહાનગરપાલિકા પોતાના સ્વભંડોળમાંથી રૂપિયા ૧૨ લાખ સુધીનો ખર્ચ કરશે. આ ફુલ્લી એરકંડિશન્ડ યોગ સ્ટુડિયો ૪૦૦૦ ચોરસ ફીટ કાર્પેટ એરિયામાં બનાવવામાં આવશે. જયા મહાનગરપાલિકા દ્વારા વીજળી, પાણી, શૌચાલય જેવી પાયાની સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૯માં યોગ દિવસની ઉજવણી દરમિયાન સમગ્ર રાજ્યમાં ૫૧ યોગ સ્ટુડિયો (યોગ નિલયમ) વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર શહેરને ૪ યોગ સ્ટુડિયોની અમૂલ્ય ભેટ મળશે. આ સ્ટુડિયો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે અને ગુજરાત યોગ બોર્ડ દ્વારા પૂરી પાડવામાં આવેલ માર્ગદર્શિકા અનુસાર ડિઝાઈન કરવામાં આવશે. આ યોગ નિલયમ ખાતે યોગ બોર્ડ દ્વારા ફુલ ટાઈમ યોગ શિક્ષકોની નિમણૂક કરવામાં આવશે. જયા નાગરિકોના આરોગ્ય સંબંધી પ્રશ્નોનું યોગ દ્વારા નિરાકરણ કરવામાં આવશે. પ્રકૃતિની વચ્ચે વસતા હરિયાળા શહેર ગાંધીનગરમાં આધ્યાત્મ અને આરોગ્યલક્ષી જાગૃતિની પ્રવૃત્તિઓ પણ આ યોગ નિલયમમાં કરવામાં આવશે.

સ્વચ્છ, સુંદર અને સુવિધાસભર ગાંધીનગરમાં પ્રાથમિક ધોરણે ચાર સ્થળો પર

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com